આ લેખમાંની કોઈપણ કંપનીમાં લેખક રોકાણ ધરાવતા નથી.

પરિણામો વિશેષતા

- આઈટીસીની ક્યુટુ એફવાય ૨૦૦૮ની કામગીરી ધારણા કરતાં સ્હેજ ઉણી ઉતરી છે. વેચાણમાં વાયઓવાય ધોરણે ૧૩.૪ ટકા વૃદ્ધિ અમારા અંદાજ અનુસાર રહી છે. સીગરેટના કામકાજમાં નીચી વૃદ્ધિ તેમજ સરકાર દ્વારા અમુક કોમોડીટીની નિકાસ પર પ્રતિબંધને પગલે કંપનીના કૃષિ કામકાજમાં ઘટાડાને પરિણામે પ્રાપ્તિ ભાવ કરતાં પણ નીચા ભાવે વેચાણ કરવાની ફરજ પડતાં આવકમાં ઘટાડો જોવાયો છે.
- ક્વાર્ટર દરમ્યાન ઓપરેટિંગ નફા માર્જીન (ઓપીએમ) ૩૧.૫ ટકા રહ્યો છે. જે ક્યુટુ એફવાય ૨૦૦૭માં ૩૩.૭ ટકા હતો. કૃષિ કામકાજમાં ખોટને પરિણામે આ રહેવા પામ્યું છે.
- અન્ય આવક ૧૬૨ ટકા ઉછળીને રૂા.૨૦૮ કરોડ રહેવા પામી છે. આથી વેરા બાદ (ઉંચા દરે)ચોખ્ખો નફો વાયઓવાય ધોરણે ૧૩.૪ ટકા વધીને રૂા.૭૭૦.૯ કરોડ રહ્યો છે.
- પરોક્ષ કરવેરાની ઉંચી લેવીને પગલે આઈટીસીને સીગરેટના ભાવોમાં ૨૦ ટકાથી વધુનો વધારો કરવાની ફરજ પડતાં સીગરેટનાં કામકાજમાં ૩ થી ૪ ટકાનો ઘટાડો જોવાયો છે.
- બિન સીગરેટનાં એફએમસીજી કામકાજમાં અદ્ભુત પ્રગતિ સાથે આવકમાં ૪૩.૩ ટકા જેવી વૃદ્ધિ જોવા મળી છે. પીબીઆઈટી માર્જીનમાં સંખ્યાબંધ નવા ઉત્પાદનો રજૂ કરવામાં આવ્યા છતાં વાયઓવાય ધોરણે ૫૭૪ બેસીસ પોઈન્ટનો વધારો નોંધાયો છે.
- રૂા.૧૮૦ના વર્તમાન બજાર ભાવે શેર એફવાય ૨૦૦૯ઈની સંભવિત શેરદીઠ કમાણી રૂા.૯.૬ સામે ૧૮.૬ ના પી/ઈથી ટ્રેડ થાય છે. તેમજ એફવાય ૨૦૦૯ઈનો ઈવી/ઈવીઆઈટીડીએ ૧૧.૯ છે. રૂા.૨૦૦નાં ભાવ લક્ષ્યાંક સાથે શેર ખરીદવાની ભલામણ છે. ■

વધુ વિગત માટે અમારી વેબ સાઈટ *sharekhan.com*ની રીસર્ચ સેકસનની વિઝીટ કરો

જીંદલ શો

ઈર્મજીંગ સ્ટાર | **ખરીદો સીએમપી : રૂા. ૭૮૭** | **૩૧ ઓક્ટોબર,૨૦૦૭**

સંગીન વૃદ્ધિ જળવાઈ રહે છે

કંપનીની વિગત

ભાવ લક્ષ્યાંક :	Rs830
બજાર મૂડીકરણ :	Rs3,806 cr
52 વિક ઉંચો / નીચો:	Rs840/349
એન.એસ.ઈ. વોલ્યુમ (શેરની સંખ્યા):	66,713
બી.એસ.ઈ. કોડ:	500378
એન.એસ.ઈ. કોડ:	JINDALSAW
શેરખાન કોડ:	JINDALSAW
ફ્રી ફ્લોટ (શેરની સંખ્યા):	2.8 cr

શેરહોલ્ડીંગ પેટર્ન



ભાવ આધારે ચાલ

(%)	1m	3m	6m	12m
સંપૂર્ણ	-8.7	-10.6	14.1	71.2
સેન્સેક્સ સંબંધિત	-19.7	-26.8	-16.2	11.6

આ લેખમાંની કોઈપણ કંપનીમાં લેખક રોકાણ ધરાવતા નથી.

પરિણામો વિશેષતા

- જીંદલ સો. લી.ના ક્યુ૪ એફવાય ૨૦૦૭ના આંકડાઓ અનુસાર ઉંચુ વેચાણ અને મજબુત માર્જીનને પગલે અમારી ધારણા કરતાં પરિણામો સારા આવ્યા છે.
- વેચાણમાં વાયઓવાય ધોરણે ૨૭.૨ ટકા વૃદ્ધિ સાથે રૂા.૧૪૨૮.૬ કરોડ રહ્યું છે. આ વૃદ્ધિ પાછળનું કારણ ડકટાઈલ (ડીઆઈ) પાઈપ અને સીમલેશ પાઈપ ક્ષેત્રે જોવાયેલી ઉંચી વૃદ્ધિ છે.
- સાનુકૂળ પ્રોડક્ટ મીક્સને પગલે ઓપીએમ ૩૦૦ બેસીસ પોઈન્ટનાં વિસ્તરણ સાથે ૧૧.૯ ટકા રહ્યો છે. પરિણામ સ્વરૂપ ઓપરેટિંગ નફો ૭૦.૪ ટકા ઉછળીને રૂા.૧૬૯.૯ કરોડ થયો છે.
- નીચી વ્યાજ પડતરને પગલે ક્વાર્ટર દરમ્યાન નફો ૮૯.૩ ટકા વધીને રૂા.૯૦.૧ કરોડ થયો છે.
- ક્વાર્ટર અંત જીંદલ સો ની ઓર્ડર બુક ૭૧૫ મીલીયન ડોલરથી સમૃદ્ધ હતી અને મે/જૂન ૨૦૦૮ સુધીમાં આનો અમલ કરવામાં આવશે. આ કુલ ઓર્ડરમાંથી ૫૬૫ મીલીયન ડોલરનાં ઓર્ડર સબમર્જડ આર્ક વેલ્ડેડ (એસએડબલ્યુ સો) પાઈપના છે જયારે બાકીનાં ડીઆઈ અને સીમલેષ પાઈપનાં છે.
- મૂડી ખર્ચ યોજના રાબેતા મુજબ આગળ ધપી રહી છે અને કંપની તેની લાગીટયુડાઈનલ સબ્મર્જડ આર્ક વેલ્ડેડ (એલએસએડબલ્યુ) પાઈપની ક્ષમતા વધુ બે લાખ ટનની કરી રહી છે તેમજ હેલીકલ સબમર્જડ આર્ક વેલ્ડેડ (એચએસએડબલ્યુ) પાઈપની ક્ષમતા ૩.૫ લાખ ટન કરી રહી છે. સીમલેશ પાઈપની ક્ષમતા સી-વાય ૨૦૦૮ના મધ્યભાગ સુધીમાં વધારી ૨.૫ લાખ ટન કરવામાં આવી રહી છે.
- ઉદ્યોગમાં કંપનીની અગ્રણીની સ્થિતિ ધ્યાનમાં લેતા અમો સકારાત્મક વલણ ધરાવી માર્જીનમાં વિસ્તરણની શક્યતા છે. અમારુ માનવું છે કે શેર સીવાય ૨૦૦૮ઈની કમાણી સામે ૯.૪ના પી/ઈથી અને સીવાય ૨૦૦૯ઈની શેરદીઠ કમાણી સામે ૪.૪નાં પી/ઈથી ટ્રેડ થાય છે. ■

વધુ વિગત માટે અમારી વેબ સાઈટ *sharekhan.com*ની રીસર્ચ સેકસનની વિઝીટ કરો

લુપિન

એપલગ્રીન | **ખરીદો સીએમપી : રૂા. ૬૩૧** | **૨૫ ઓક્ટોબર,૨૦૦૭**

સંગીન કામગીરી ચાલુ છે

કંપનીની વિગત

ભાવ લક્ષ્યાંક :	Rs840
બજાર મૂડીકરણ :	Rs5,179 cr
52 વિક ઉંચો / નીચો:	Rs800/Rs483
એન.એસ.ઈ. વોલ્યુમ (શેરની સંખ્યા):	24.3 lakh
બી.એસ.ઈ. કોડ:	500257
એન.એસ.ઈ. કોડ:	LUPIN
શેરખાન કોડ:	LUPLTD
ફ્રી ફ્લોટ (શેરની સંખ્યા):	4.0 cr

શેરહોલ્ડીંગ પેટર્ન



ભાવ આધારે ચાલ

(%)	1m	3m	6m	12m
સંપૂર્ણ	8.6	-7.8	-11.6	25.0
સેન્સેક્સ સંબંધિત	-1.2	-21.5	-33.0	-15.8

આ લેખમાંની કોઈપણ કંપનીમાં લેખક રોકાણ ધરાવતા નથી.

પરિણામો વિશેષતા

- લ્યુપિનની ક્યુટુ એફવાય ૨૦૦૮માં કોન્સોલીડેટેડ આવક વાયઓવાય ધોરણે ૩૬.૨ ટકા વધીને રૂા.૬૫૯ કરોડ થઈ છે. વેચાણમાં વૃદ્ધિ અમારી ધારણા કરતાં પણ સારી રહેવા પામી છે અને તેની પાછળનું કારણ ઘરઆંગણાના ફોર્મ્યુલેશન કામકાજમાં ૨૨ ટકા વૃદ્ધિ તેમજ યુએસએ અને યુરોપ સહિતની એડવાન્સ બજારમાં ફોર્મ્યુલેશનની નિકાસમાં જોવાયેલાં ૧૨૬.૨ ટકાનો ઉછાળો છે.
- લ્યુપિનની યુએસ સબસિડયરીમાં નોંધપાત્ર પ્રમાણમાં માલ ભરાવાની સ્થિતિને પરિણામે સ્ટેન્ડ અલોન નફાને બદલે કોન્સોલીડેટેડ ધોરણે નફો નીચો રહેવા પામ્યો છે. સ્ટેન્ડ અલોન ધોરણે આવક આકર્ષક એવી ૪૫.૫ ટકા વધીને રૂા.૭૧૪.૩ કરોડ રહેવા પામી છે. જયારે ક્યુટુ એફવાય ૨૦૦૮ના ગાળામાં નફો ૧૦૨.૫ ટકા ઉછળીને રૂા.૧૧૮.૧ કરોડ રહ્યો છે.
- લ્યુપિનનાં આર-એન્ડ ડી ખર્ચમાં ક્યુ ટુ એફવાય ૨૦૦૮માં જોવાયેલાં ૧૮૦ બેસીસ પોઈન્ટનાં ઘટાડાને પરિણામે કોન્સોલીડેટેડ નફા માર્જીન (ઓપીએમ) ૨૩૦ બેસીસ પોઈન્ટ વધીને ૧૭.૧ ટકા રહ્યો છે. ક્વાર્ટર દરમ્યાન ઓપરેટિંગ નફો ૫૭.૨ વધીને રૂા.૧૧૨.૬ કરોડ થયો છે.
- અન્ય આવકમાં જોવાયેલા ૧૩ ટકાના ઘટાડા છતાં લ્યુપિનનો ચોખ્ખો નફો ક્યુટુ એફવાય ૨૦૦૮ દરમ્યાન સુંદર રીતે ૪૬ ટકા ઉછળીને રૂા.૭૫.૬ કરોડ થયો છે.
- લ્યુપિનની એચવન એફવાય ૨૦૦૮ની સંયુક્ત કામગીરી તેમજ કયોવા અને રૂબામીન હસ્તગત કરવાને પગલે થનારી સંભવિત અસરના ધોરણે અમો અંદાજોમાં ફેરફાર કરીએ છીએ. અમારી ધારણા છે કે લ્યુપિનની કોન્સોલીડેટેડ આવક એફવાય ૨૦૦૮ઈમાં ૨૭.૪ ટકાનાં સીએજીઆરથી વધીને રૂા.૨૬૩૮.૨ કરોડ અને એફવાય ૨૦૦૯ઈમાં રૂા.૩૨૭૦૬ કરોડ આવક થશે. આજ ગાળા દરમ્યાન નફો ૨૯.૩ ટકાનાં સીએજી આરથી વૃદ્ધિ પામીને એફવાય ૨૦૦૮ઈમાં રૂા.૩૧૬.૧ કરોડ અને એફવાય ૨૦૦૯ઈમાં રૂા.૩૮૯.૩ કરોડ થશે. ■

વધુ વિગત માટે અમારી વેબ સાઈટ *sharekhan.com*ની રીસર્ચ સેકસનની વિઝીટ કરો

મેરિકો

એપલગ્રીન | **ખરીદો સીએમપી : રૂા. ૬૩** | **૨૬ ઓક્ટોબર,૨૦૦૭**

ઉકળતું તેલ

કંપનીની વિગત

ભાવ લક્ષ્યાંક :	Rs70
બજાર મૂડીકરણ :	Rs3,837 cr
52 વિક ઉંચો / નીચો:	Rs64/52
એન.એસ.ઈ. વોલ્યુમ (શેરની સંખ્યા):	3.8 lakh
બી.એસ.ઈ. કોડ:	531642
એન.એસ.ઈ. કોડ:	MARICO
શેરખાન કોડ:	MARICO
ફ્રી ફ્લોટ (શેરની સંખ્યા):	22.3 cr

શેરહોલ્ડીંગ પેટર્ન



ભાવ આધારે ચાલ

(%)	1m	3m	6m	12m
સંપૂર્ણ	6.0	10.9	7.7	17.7
સેન્સેક્સ સંબંધિત	-0.3	-2.2	-15.7	-15.9

આ લેખમાંની કોઈપણ કંપનીમાં લેખક રોકાણ ધરાવતા નથી.

પરિણામો વિશેષતા

- મેરિકોનાં ક્યુટુ એફવાય ૨૦૦૮નાં પરિણામો અમારી ધારણાનુસાર આવ્યા છે. ક્યુટુ એફવાય ૨૦૦૮માં કંપનીની ચોખ્ખી આવક વાયઓવાય ધોરણે ૨૨.૭ ટકા વૃદ્ધિ પામીને રૂા.૪૬૩.૮ કરોડ થઈ છે.આ વૃદ્ધિનાં ચાલક બળોમાં ઓર્ગેનિક ધોરણે ૧૬ ટકા અને ઈનોર્ગેનિક ધોરણે ૭ ટકા વૃદ્ધિ જોવા મળી છે.
- ઉંચા કાચામાલની પડતરને કારણે ઓપરેટિંગ નફા માર્જીન (ઓપીએમ) ૮૧ બેસીસ પોઈન્ટનાં ઘટાડા સાથે ૧૩.૯૫ ટકા રહ્યો છે. જે વેચાણની ટકાવારી ૨૧૦ બેસીસ પોઈન્ટ વધીને ૫૧.૬ ટકા રહી છે. પરિણામ સ્વરૂપ ઓપરેટિંગ નફો વાયઓવાય ધોરણે ૧૬ ટકા વધીને રૂા.૬૪.૭ કરોડ થયો છે.
- એફવાય ૨૦૦૭ દરમ્યાન અમૃત માંડી વાળતાં ઘસારા ચાર્જમાં ૪૯.૩ ટકાનો ઘટાડો જોવાયો છે. તેમજ ૧૯.૩ ટકાનો વેરો (ક્યુટુ એફવાય ૨૦૦૭માં ૩૦.૯ ટકાની તુલનાએ) ચોખ્ખા નફામાં ૬૩ ટકાના ઉછાળા સાથે રૂા.૪૨.૨ કરોડ થયો છે.
- ક્વાર્ટર દરમ્યાન પેરેશુટ નાળિયેર તેલ સહિતનાં ઉત્પાદનોનાં કામકાજમાં ૮ ટકાની સુંદર વૃદ્ધિ જોવા મળી છે અન્ય પ્રોડક્ટો ૧૫ ટકા અને સફોલાં વાયઓવાય ધોરણે ૨૧ ટકા વૃદ્ધિ થવા પામી છે. આંતરરાષ્ટ્રીય કન્ઝયુમર પ્રોડ્કટ કામકાજમાં ઈજીપ્તનાં કામકાજને પગલે ૭૩ ટકા જેવી સંગીન વૃદ્ધિ જોવા મળી છે. ક્વાર્ટર દરમ્યાન કંપનીએ ત્રણ નવા કલીનીકો ખોલવા સાથે કાયા કલીનીકની સંખ્યા ૫૧ પર પહોંચી છે.
- ચાલુ નાણાંકીય વર્ષમાં કંપનીનું ટર્ન ઓવર ૨૧ ટકાના દરે વૃદ્ધિ પામે એવી ધારણા છે. એફવાય ૨૦૦૯ઈની શેરદીઠ કમાણી સામે શેર ૧૮.૮નાં પી/ઈથી ટ્રેડ થાય છે. તેમજ ૧૨.૪નો ઈવી/ઈવીઆઈટીડીએ ધરાવે છે. રૂા.૭૦નાં ભાવ લક્ષ્યાંક સાથે શેર ખરીદવાની ભલામણ છે. ■

વધુ વિગત માટે અમારી વેબ સાઈટ *sharekhan.com*ની રીસર્ચ સેકસનની વિઝીટ કરો

મારૂતિ સુઝુકી ઈન્ડિયા

એપલગ્રીન | **ખરીદો સીએમપી : રૂા. ૧૦૮૮** | **૩૦ ઓક્ટોબર,૨૦૦૭**

ભાવલક્ષ્યાંક સુધારીને રૂા.૧૨૩૦

કંપનીની વિગત

ભાવ લક્ષ્યાંક :	Rs1,230
બજાર મૂડીકરણ :	Rs31,443 cr
52 વિક ઉંચો / નીચો:	Rs1248/715
એન.એસ.ઈ. વોલ્યુમ (શેરની સંખ્યા):	7.1 lakh
બી.એસ.ઈ. કોડ:	532500
એન.એસ.ઈ. કોડ:	MARUTI
શેરખાન કોડ:	MARUTIUD
ફ્રી ફ્લોટ (શેરની સંખ્યા):	10.3 cr

શેરહોલ્ડીંગ પેટર્ન



ભાવ આધારે ચાલ

(%)	1m	3m	6m	12m
સંપૂર્ણ	22.8	41.3	49.1	24.9
સેન્સેક્સ સંબંધિત	7.9	15.6	9.5	-18.5

આ લેખમાંની કોઈપણ કંપનીમાં લેખક રોકાણ ધરાવતા નથી.

પરિણામો વિશેષતા

- મારૂતિ સુઝુકીનાં ક્યુટુ એફવાય ૨૦૦૮નાં પરિણામોમાં માર્જીનનાં ઘટાડાને પગલે અમારા અંદાજો કરતાં સ્હેજ ઉણાં ઉતર્યા છે.
- ક્વાર્ટર દરમ્યાન ઓપરેટિંગ ચોખ્ખું વેચાણ કામકાજમાં ૨૧.૩ ટકા અને ઉપજમાં ૯.૮ ટકા વૃદ્ધિને પગલે ૩૩.૨ ટકા વધીને રૂા.૪૫૨૯.૭ કરોડ થયું છે. બી અને સી સેગ્મેન્ટની કારોનાં સફળતાપૂર્વક નવા આરંભો અને સુધરેલી પ્રોડક્ટ મિક્સને પગલે આવી સુંદર વૃદ્ધિ શક્ય બની છે.
- ઓપીએમ અમારી ધારણા કરતાં સ્હેજ ઉણો ઉતર્યો છે. ઓપીએમમાં વાયઓવાય ધોરણે ૭૬ બેસીસ પોઈન્ટનાં ઘટાડા સાથે ૧૩.૧૫ ટકા રહ્યો છે. ઓપીએમમાં ઘટાડા પાછળનું કારણ વેચાણ રેશિયા સામે કાચામાલની ઉંચી પડતર ઉંચા માર્કેટીંગ અને પ્રમોશન ખર્ચ, વધતાં જતા રોયલ્ટી ચાર્જ અને ઉંચી નિકાસને આભારી છે. ક્વાર્ટર દરમ્યાન ઓપરેટિંગ નફો ૨૫.૭ ટકા વધીને રૂા.૫૯૭.૮ કરોડ થયો છે.
- અન્ય આવકના પીઠબળ સાથે વેરા બાદનો નફો વાયઓવાય ધોરણે ૨૭ ટકા વધીને રૂા.૪૬૬.૫ કરોડ થયો છે.
- એચવન એફવાય ૨૦૦૮માં કામકાજમાં ૧૯.૩ ટકાની મજબુત વૃદ્ધિને પગલે મજબુત કામગીરી જોવા મળી હતી જો કે તેમાં એચટુ એફવાય ૨૦૦૮માં ધીમો ઘટાડો જોવાયો હતો. એચટુએફવાય ૨૦૦૮માં અમારો વૃદ્ધિનો અંદાજ ૧૩.૯ ટકા છે.
- સુધરેલી પ્રોડક્ટ મિક્સ અને ઉંચી નોન-ઓપરેટિંગ આવકને ધ્યાનમાં લેતાં મારૂતિ સુઝુકીના અમારા અંદાજોમાં એફવાય ૨૦૦૮ માટે ૪.૩ ટકા ના સુધારા સાથે રૂા.૬૭.૪ અને એફવાય ૨૦૦૯ માટે ૨.૪ ટકાના સુધારા સાથે રૂા.૭૬.૮નો કમાણીનો અંદાજ છે. ■

વધુ વિગત માટે અમારી વેબ સાઈટ *sharekhan.com*ની રીસર્ચ સેકસનની વિઝીટ કરો

નેટવર્ક ૧૮ ફીનકેપ

ઈર્મજીંગ સ્ટાર | **ખરીદો સીએમપી : રૂા. ૪૧૧** | **૦૪ ઓક્ટોબર,૨૦૦૭**

રાઈટ ઈસ્યુ દસ્તાવેજમાં સુધારો

કંપનીની વિગત

ભાવ લક્ષ્યાંક :	Rs651
બજાર મૂડીકરણ :	Rs2,092 cr
52 વિક ઉંચો / નીચો:	Rs630/300
એન.એસ.ઈ. વોલ્યુમ (શેરની સંખ્યા):	1.0 lakh
બી.એસ.ઈ. કોડ:	532798
એન.એસ.ઈ. કોડ:	NETWORK18
શેરખાન કોડ:	NETWORK18
ફ્રી ફ્લોટ (શેરની સંખ્યા):	2.5 cr

શેરહોલ્ડીંગ પેટર્ન



ભાવ આધારે ચાલ

(%)	1m	3m	6m	12m
સંપૂર્ણ	11.8	-18.8	25.0	NA
સેન્સેક્સ સંબંધિત	-3.5	-32.9	-12.2	NA

આ લેખમાંની કોઈપણ કંપનીમાં લેખક રોકાણ ધરાવતા નથી.

પરિણામો વિશેષતા

- સ્ટુડિયો ૧૮નું કામકાજ વાયાકોમ ૧૮માં ટ્રાન્સફર કર્યા બાદ નેટવર્ક ૧૮એ તેના રાઈટ ઈસ્યુનાં દસ્તાવેજનાં મુસદ્દામાં ફેરફાર સાથેનો મુસદ્દો ફાઈલ કર્યો છે. જૂના ડ્રાફ્ટ ડોક્યુમેન્ટમાં ઈસ્યુનો અગાઉનો હેતુ જણાવવામાં આવ્યો હતો. જેમાં સ્ટુડિયો ૧૮ હેઠળ અંશતઃ ભંડોળ ફિલ્મ પ્રોજેક્ટ માટે ઉભુ કરવાનું હતું.
- રાઈટ ઈસ્યુનું મૂલ્યાંકન શેરદીઠ રૂા.૧૩૩.૬ના ભાવે અમો અંશતઃ રકમ ટેલીવીઝન માટેનાં કાર્યક્રમોનાં નિર્માણ પાછળના મૂડી ખર્ચ પેટે કરે છે. અમારું માનવું છે કે આ કન્વેન્ટ પ્રોડકશન કામકાજનું રોકાણ વાયકોમ ૧૮ની આગામી ચેનલની કન્ટેન્ટની જરૂરિયાત પૂરી કરશે.
- હોમશેપ ૧૮ ભારત ભરનાં ૨૦૦૦થી વધુ શહેરો અને નગરોમાં પોતાના કાર્યક્રમનો વિસ્તાર કરવા ધારે છે અને તેનું સરેરાશ વેચાણ તેના આરંભ બાદ થોડા મહિનામાં રોજનું અંદાજે ૨૦ લાખ પર પહોંચવાની ધારણા છે. પૂર્ણ કક્ષાની હોમ શોપિંગ ચેનલની તૈયારી છે.
- ટીવી ૧૮ અને જીબીએનમાં પ્રેફરેન્શીયલ વોરન્ટસના ઈસ્યુ દ્વારા નેટવર્ક ૧૮નું શેર હોલ્ડીંગ ટીવી ૧૮માં ૫૩.૩ ટકા અને જીબીએનમાં ૪૫.૧ ટકા થશે.
- રૂા.૬૫૧નાં કેટલાક અંશતઃ ભાવ લક્ષ્યાંક સાથે આ શેર ખરીદવાની ભલામણ અમો જાળવી રાખીએ છીએ. ■

વધુ વિગત માટે અમારી વેબ સાઈટ *sharekhan.com*ની રીસર્ચ સેકસનની વિઝીટ કરો

નિકોલાસ પીરામલ ઈન્ડિયા

એપલગ્રીન | **ખરીદો સીએમપી : રૂા. ૩૦૦** | **૩૦ ઓક્ટોબર,૨૦૦૭**

ભાવલક્ષ્યાંક સુધારીને રૂા.૩૭૭

કંપનીની વિગત

ભાવ લક્ષ્યાંક :	Rs377
બજાર મૂડીકરણ :	Rs6,260 cr
52 વિક ઉંચો / નીચો:	Rs322/195
એન.એસ.ઈ. વોલ્યુમ (શેરની સંખ્યા):	2.2 lakh
બી.એસ.ઈ. કોડ:	500302
એન.એસ.ઈ. કોડ:	NICHOLASPIR
શેરખાન કોડ:	NICHPI
ફ્રી ફ્લોટ (શેરની સંખ્યા):	10.5 cr

શેરહોલ્ડીંગ પેટર્ન



ભાવ આધારે ચાલ

(%)	1m	3m	6m	12m
સંપૂર્ણ	11.5	16.6	22.2	34.2
સેન્સેક્સ સંબંધિત	-2.0	-4.6	-10.3	-12.5

આ લેખમાંની કોઈપણ કંપનીમાં લેખક રોકાણ ધરાવતા નથી.

પરિણામો વિશેષતા

- નિકોલાસ પિરામલ ઈન્ડિયા લી. (એન.પી.આઈ.એલ)ના ક્યુટુ એફવાય ૨૦૦૮ના પરિણામો ધારણાં કરતાં સારા આવ્યા છે. વેચાણમાં વાયઓવાય ધોરણે ૨૦.૧ ટકા વૃદ્ધિ સાથે રૂા.૭૬૪.૬ કરોડ થયું છે. જયારે અસામાન્ય આવક પહેલાંનો નફો ૮૯.૮ ટકા વધીને રૂા.૮૭.૫ કરોડ થયો છે. ઈન્ડિયન કસ્ટમ મેન્યુફેકચરીંગ દ્વારા વૃદ્ધિ વિસ્તૃત રહેવા પામી છે.
- ઓપરેટિંગ નફા માર્જીન વાયઓવાય ધોરણે ૨૩૦ બેસીસ પોઈન્ટના સુધારા સાથે ૧૭.૪ ટકા રહ્યું છે. પરિણામ સ્વરૂપે ઓપરેટિંગ નફો ૩૮.૪ ટકાની વૃદ્ધિ સાથે રૂા.૧૩૨.૯ કરોડ થયો છે.
- વ્યાજ ખર્ચમાં ૪૫.૩ ટકાનો ઉછાળો છતાં કંપનીના નીચી જોગવાઈને પરિણામે કંપનીનો અસામાન્ય આવક પહેલાંનો ચોખ્ખો નફો ૮૯.૮ ટકા ઉછળીને રૂા.૮૭.૫ કરોડ થયો છે. અસામાન્ય આઈટેમ એડજેસ્ટ કર્યા બાદનો કંપનીનો રીપોર્ટેડ ચોખ્ખો નફો ૫૭.૮ ટકા ઉછળીને રૂા.૮૭.૮ કરોડ થયો છે.
- એનસીઈ ડીમર્જર દ્વારા થયેલી બચત અને સુધારેલાં ગાઈડન્સને પગલે અમો એનપીઆઈએલનાં આવક અને કમાણીનાં અંદાજો સુધાર્યા છે. અમારી ધારણા છે કે કંપની એફવાય ૨૦૦૮ઈમાં આવકમાં ૧૮.૫ ટકા વૃદ્ધિ સાથે રૂા.૨૯૨૭.૫ કરોડ અને એફવાય ૨૦૦૯ઈમાં ૧૬ ટકા વૃદ્ધિ સાથે રૂા.૩૨૪૮.૧ કરોડની આવક હાંસલ કરશે. અનુક્રમે રૂા.૩૬૩.૪ કરોડ અને રૂા.૪૩૯.૩ કરોડનો નફો હાંસલ કરશે. અમારી સુધરેલી શેરદીઠ કમાણી એફવાય ૨૦૦૮ઈમાં રૂા.૧૭.૩ અને એફવાય ૨૦૦૯ઈમાં શેરદીઠ રૂા.૨૦.૯ હાંસલ કરશે.
- રૂા.૩૦૦નાં વર્તમાન બજાર ભાવે નિકોલાસ એફવાય. ૨૦૦૮ઈની કમાણીને ૧૭.૩ ગણી અને એફવાય ૨૦૦૯ઈની કમાણીને ૧૪.૩ ગણી ડિસ્કાઉન્ટ કરે છે. રૂા.૩૭૭નાં સુધારેલાં ભાવ લક્ષ્યાંક સાથે શેર ખરીદવાની અમારી ભલામણ છે. ■

વધુ વિગત માટે અમારી વેબ સાઈટ *sharekhan.com*ની રીસર્ચ સેકસનની વિઝીટ કરો

ન્યુક્લીઅસ સોફ્ટવેર એક્સપોર્ટ

ઈર્મજીંગ સ્ટાર | **ખરીદો સીએમપી : રૂા. ૩૦૦** | **૨૯ ઓક્ટોબર,૨૦૦૭**

બીજા ક્વાર્ટરમાં પ્રોડક્ટ કામકાજ આવક વધારે છે

કંપનીની વિગત

ભાવ લક્ષ્યાંક :	Rs370
બજાર મૂડીકરણ :	Rs970 cr
52 વિક ઉંચો / નીચો:	Rs599/260
એન.એસ.ઈ. વોલ્યુમ (શેરની સંખ્યા):	85,814
બી.એસ.ઈ. કોડ:	531209
એન.એસ.ઈ. કોડ:	NUCLEUS
શેરખાન કોડ:	NUCSEX
ફ્રી ફ્લોટ (શેરની સંખ્યા):	1.3 cr

શેરહોલ્ડીંગ પેટર્ન



ભાવ આધારે ચાલ

(%)	1m	3m	6m	12m
સંપૂર્ણ	-16.2	-37.7	-43.3	17.3
સેન્સેક્સ સંબંધિત	-26.4	-49.1	-58.3	-23.5

આ લેખમાંની કોઈપણ કંપનીમાં લેખક રોકાણ ધરાવતા નથી.

પરિણામો વિશેષતા

- ન્યુકલીયસ સોફ્ટવેર એક્સપોર્ટસએ આવકમાં ક્યુઓક્યુ ધોરણે ૫.૬ અને વાયઓવાય ધોરણે ૨૭.૮ ટકા વૃદ્ધિ દર્શાવીને રૂા.૭૦.૪ કરોડનું ટર્ન ઓવર હાંસલ કર્યું છે.
- પ્રોજેક્ટ એન્ડ સર્વિસ બીઝનેશમાં એકધારી રીતે ૫.૫ ટકા ઘટાડો જોવાયો છે.
- આમછતાં ઓપીએમ ૨૫૦ બેસીસ પોઈન્ટ એકધારી રીતે ૨૫.૬ ટકા રહ્યું છે. માર્જીનમાં સુધારાનું કારણ સાનુકૂળ રેવેન્યુ મીક્સ (કંપનીનો પ્રોડક્ટ બીઝનેશ આવકમાં ૬૯.૮ યોગદાન આપે છે જે ક્યુવન એફવાય ૨૦૦૮મા ૬૬.૩ ટકાનું યોગદાન હતું) ઓવરહેડ ખર્ચામાં ૬૦ બેસીસ પોઈન્ટનાં ઘટાડા સાથે વેચાણમાં ૧૨.૯ રહ્યાં છે. પરિણામ સ્વરૂપ ઓપરેટિંગ નફો ક્યુઓક્યુ ધોરણે ૧૧.૮ ટકાના સંગીન દરે વધીને રૂા.૧૮ કરોડ થયો છે.
- અન્ય આવકમાં રૂા. ૩.૨ કરોડનાં ઉછાળાને પગલે કોન્સોલીડેટેડ કમાણીમાં ક્યુઓક્યુ ધોરણે ૧૫.૭ ટકા અને વાયઓવાય ધોરણે ૧૭.૧ ટકાના ઊછાળા સાથે રૂા.૧૬.૨ કરોડ થયો છે જે અમારી રૂા.૧૫.૫ કરોડની ધારણા કરતાં ઉંચો છે.
- કામગીરીની વિશેષતામાં કંપનીએ ક્વાર્ટર દરમ્યાન પાંચ નવા ક્લાયન્ટોનો ઉમેરો કર્યો છે તેમજ ૧૩ પ્રોડક્ટ મોડયુલ્સનો ઓર્ડર મેળવ્યો છે. પેન્ડીંગ ઓર્ડરનો બેકલોગ સીમાંતપણે રૂા.૨૮૦ કરોડ છે. (જૂન ૨૦૦૭માં રૂા.૨૮૯ કરોડ) આમછતાં, છેલ્લાં ક્વાર્ટરમાં ૪૦ કરોડની સંખ્યાને પગલે ઓર્ડરની પાઈપલાઈન મજબુત જોવા મળી રહી છે.
- વર્તમાન બજાર ભાવે કંપનીની એફવાય ૨૦૦૮ની અંદાજીત કમાણી સામે ૧૩.૮ અને એફવાય ૨૦૦૯ની અંદાજીત કમાણી સામે ૧૧.૩ નો આકર્ષક પી/ઈ ધરાવે છે. રૂા.૩૭૦ના ભાવ લક્ષ્યાંક સાથે આ શેર ખરીદવાની ભલામણ અમો જાળવી રાખીએ છીએ. ■

વધુ વિગત માટે અમારી વેબ સાઈટ *sharekhan.com*ની રીસર્ચ સેકસનની વિઝીટ કરો

શેરખાન સ્પેશિયલ — ૩૦ ઓક્ટોબર, ૨૦૦૭

નાણાંકીય નીતીની સમીક્ષા

ધસમસતો નાણાં પ્રવાહ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની મુખ્ય ચિંતા

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)માં ૫૦ બેઝીઝ પોઈન્ટનો વધારો કર્યો તેને પગલે કેશ રિઝર્વ રેશિયો ૭.૫ નો થયો હતો. તે સાથે જ આરબીઆઈએ અન્ય પોલીસી દરો જેમનાં તેમ રાખ્યા. કેશ રિઝર્વ રેશિયોમાં વધારો કરવાનો નિર્ણય ફુગાવાને લગતી ચિંતાઓને કારણે નહોતો લેવાયો પણ તેનો હેતુ અતિશય બેન્કીંગ સિસ્ટમમાંની નાણાં પ્રવાહને નાથવાનો હતો તે દિશામાં આ એક નિતી વિષયક પગલું હતું.

મહત્ત્વના નીતિવિષયક નિર્ણયો

- બેંક રેટ, રેપો રેટ અને રિવર્સ રેટમાં કોઈ ફેરફાર કરાયો નથી.
- વર્ષ ૨૦૦૭ના નવેમ્બર મહિનાની ૧૦મી તારીખથી અમલમાં આવે તે કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)માં ૫૦ બેઝીઝ પોઈન્ટનો વધારો કરી તે ૭.૫ ટકા કરવામાં આવ્યો છે.
- વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માટેનો ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ (જીડીપી) વિકાસ ૮.૫ ટકા રહેવાની ધારણા વ્યક્ત કરવામાં આવી છે. એમ ધારવામાં આવ્યું છે કે ક્રુડ તેલના આંતરરાષ્ટ્રીય મૂલ્યમાં કોઈ વધારો થશે નહિ અને ઘર આંગણે કે વિશ્વસ્તરે શુદ્ધા આંચકા આપે એવી કોઈ ઘટના બનશે નહિ.
- વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં ફુગાવો મધ્યમ સ્તરે ૩૦ ટકા અને સરેરાશ ૫ ટકા પર કાબુમાં રાખી શકાશે એવી ધારણા છે.

ફુગાવાની ઘર આંગણેની ચિંતા હજુ જેમની તેમ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું છે કે તાજેતરનો હેડલાઈન ફુગાવો ધારણાં મુજબના કારણોને લીધે જ હતો તેમ છતાં તાજેતરના કેટલાંક બનાવો એમ દર્શાવે છે કે આ સ્થિતિ કહોળાઈ જાય એવા કેટલાંક કારણો હજુ આકાર લઈ રહ્યાં છે. કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઈ)ની સપાટી હજુ ૭.૩ ટકા પર જ છે. જે દર્શાવે છે કે હોલસેલ માર્કેટમાં અન્નના ભાવ ઘટયા છે પણ તેનો લાભ બેરલ દીઠ ૯૦ ડોલરથી ઉપર જ રહ્યાં છે અને ક્રુડ અને મેટલના ભાવો વધી રહ્યાં છે તે કારણે ફુગાવો વધી શકે છે. વળી ઘર આંગણે નાણાં અંગે અને નાણાં પ્રવાહિતતા અંગેની જે સ્થિતિ હાલમાં પ્રવર્તે છે. તે બાબતો ભવિષ્યકાળમાં ફુગાવો વધારવાના બીજ સમાન બની રહે તેમ છે.

તારણ

અમને એમ લાગે છે કે આરબીઆઈ સમક્ષનો હાલનો મહત્ત્વનો પડકાર વિકાસ અને ફુગાવાને લગતો નથી પણ દેશના નાણાંતંત્રમાં મોટો પ્રવાહમાં ડોલર ઠલવાઈ રહ્યાં છે. આમ તાજેતરમાં આરબીઆઈએ સીઆરઆરમાં વધારો કર્યો તે પગલું ઉછળતાં નાણાં પ્રવાહનો નાથવાના ઈરાદે લેવામાં આવ્યું હતું અને નહિ કે ફુગાવાની ચિંતાને કારણે કારણકે ફુગાવો તો અંકુશમાં જ છે એમ આરબીઆઈ માને છે. બજારોએ જો કે સીઆરઆરમાં ૫૦ બેઝીઝ પોઈન્ટનો વધારો થશે એવી ધારણા રાખી જ હતી તેથી નાણાં પ્રવાહિતતાનું વ્યવસ્થાપન એ આરબીઆઈની કામગીરીનો મુખ્ય વિષય હોય એમ લાગે છે. તેથી નાણાં પ્રવાહિતતાનું વ્યવસ્થાન એ આરબીઆઈની કામગીરીનો મુખ્ય વિષય હોય એમ લાગે છે. તેથી નાણાં પ્રવાહિતતા ઘટશે નહિ તો સીઆરઆરમાં વધુ કાપ મુકવાનું પગલું પણ કદાચ લેવાશે. આની પાછળ સ્વિકાર્ય સ્તરે નાણાં પુરવઠો રહે તે જોવાનું ધ્યેય હશે. બેન્કોને સીઆરઆરમાં વધારાથી વિપરીત અસર થાય એવો સંભવ ખરો તે કારણસર તે લેન્ડીંગ રેટ વધારે એવી શક્યતા દેખાતી નથી. બેન્કોએ કદાચ તો ડિપોઝીટ રેટમાં અસરકારક કાપ મુકવાનું શરૂ કરી દેવું જોઈએ. જો ક્રેડીટ ગ્રોથ વિકસીને માર્જીન ન જાળવી રાખે તો ! રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ અસકયામતોના ભાવોમાં થઈ રહેલા વધારા પ્રત્યે પણ ચિંતાની લાગણી વ્યક્ત કરી છે. તે સાથે જ રિયલ એસ્ટેટમાં ખાનગી ઈકવીટીના માર્ગે નાણાં પ્રવાહ દાખલ થઈ રહ્યો છે. તે બાબત પણ આરબીઆઈની ચિંતાનો વિષય છે. આ ક્ષેત્રે નીતિ વિષયક કેટલાંક પગલાં લેવાવાનો સંભવ છે. આર્થિક વિકાસ વર્ષ ૨૦૦૮ દરમ્યાન ૮.૫ ટકા પર સ્થિર રહેવાનો છે તેમ છતાં ઔધોગિક ક્ષેત્રે મોડરેશનની શકયતા નકારાતી નથી. ■

શેરખાન સ્પેશિયલ — ૨૬ ઓક્ટોબર, ૨૦૦૭

પી નોટ્સ પરના નિયંત્રણો ને સેબીની મંજુરી

પીએનએસ પરના અંકુશને સેબીની મંજુરી

ભારતના શેર બજારને નિયંત્રણમાં રાખતા સિક્યુરીટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ ડ્રાફ્ટ દરખાસ્તોને મંજુરી આપી છે અને ફોરેન ઈન્સ્ટીટયુશનલ ઈન્વેસ્ટમેન્ટ (એફઆઈઆઈસ) માટેની પ્રોસીજર પરનાં નિયંત્રણોને સરળ બનાવ્યા છે. (ડ્રાફ. ગાઈડલાઈન્સના વિગતવાર અહેવાલ માટે અમારા, વર્ષ ૨૦૦૭ના ઓક્ટોબર મહિનાની ૧૭મી તારીખનો ઈન્વેસ્ટર આઈ અહેવાલ જૂઓ). તેમ છતાં માત્ર રેગ્યુલેટેડ અને નોન-રેગ્યુલેટેડ એન્ટીઝને જ પીએન નોટસમાં ઈન્વેસ્ટ કરવા દેવામાં આવશે એવી સેબીએ કરેલી જાહેરાતને પગલે હેજ ફંડોને ભારતના સ્ટોક પાર્ટી સીટરી નોટ્સના માગે રોકાણ કરવામાં મુશ્કેલી પડશે. (હેજ ફંડો તેમનાં પોતાના દેશમાં રેગ્યુલેટેડ એન્ટીટીઝ નથી)

ડાફ્ટ પ્રપોઝલ્સ પર એક નજર

- ડેરીવેટીવ્ઝમાં ઈન્વેસ્ટ કરવા માટેના એફઆઈઆઈએસ અને સબ એકાઉન્ટસને આગામી અઢાર મહિનામાં સંકેલી લેવામાં આવશે.
- એફઆઈઆઈએસ તેની કસ્ટડીમાંની ૪૦ ટકાથી વધુ એસેટસની પીએનસ્ સ્પોટ માર્કેટમાં ઈસ્યુ કરી શકશે નહિ.
- જે એફઆઈઆઈસ એ તેની કસ્ટડીમાંની ૪૦ ટકાથી ઓછી એસેટસની પીએન્સ સ્પોર્ટ માર્કેટમાં ઈસ્યુ કરી હશે તે વાર્ષિક ૫ ટકાનો દરથી તેમની (બાકીની) એસેટ્સ ઈસ્યુ કરી શકશે.
- આવી એસેટ્સની ગણતરી માટેની રેફરન્સ ડેટ ૩૦મી સપ્ટેમ્બર હશે.

માર્કેટ પરની અસર : મોટા ભાગના નકારાત્મક પાસા આ અગાઉ જ આવરી લેવાયા છે

ઉપરોક્ત જાહેરાતોના બીજે દિવસે માર્કેટ નીચેથી ખુલ્યુ પણ તરત જ બજારે ગતિ પકડી અને નવી નવી ઉંચાઈઓ સર કરી. આ બાબત સ્પસ્ટપણે દર્શાવે છે કે મોટા ભાગના નકારાત્મક વલણોને બજારે આ અગાઉ જ, અર્થાત ૧૭મી ઓક્ટોબર અગાઉ જ આત્મસાત કરી લીધા છે. તે દિવસે ડ્રાફ્ટ ગાઈડ લાઈન્સ બજારમાં મુકાઈ હતી. મજબુત કોર્પોરેટ પરિણામો અને ફુગાવાને ૩.૦૭ ટકા પર અંકુશીત રાખી શકાયો છે તે પરિબળોએ બજારને ઘણી મદદ કરી છે.

પ્રાઈમરી અને સેકેન્ડરી માર્કેટમાં ઈન્ક્રીમેન્ટલ એફઆઈઆઈ ફ્લોને મોડરેટ રખાશે.

આ પગલાનું મહત્ત્વનું પરિણામ આપણાં પ્રાઈમરી અને સેકેન્ડરી માર્કેટમાં વિદેશી નાણાં ઓછા આવવામાં દેખાશે. અત્યાર સુધી પ્રાઈમરી માર્કેટમાં જબરજસ્ત ઓવર-સબસ્ક્રીપ્શન થતું હતું, અર્થાત ભરણાં અનેક ગણા છલકાતાં-તેવું હવે કદાચ નહિ થાય. એનું કારણ એ છે કે બજારના અંદાજ મુજબ અત્યાર સુધી ૨૦ થી ૩૦ ટકા નાણું પીએન માર્ગે આવતું હતું. હવે તે પર અંકુશ મુકાયો છે તે જ રીતે સેકેન્ડરી માર્કેટમાં પણ વિદેશી નાણાં ઓછા આવશે. જો કે હજુ સુધી તો આપણને એવા કોઈ નિર્દેશો મળ્યા નથી.

ઉંચા નાણાં સપાટીને કારણે ભય ઓછો

જયારે જયારે એફઆઈઆઈનો પ્રવાહ ઉલટી દિશામાં વળે બજારમાં કરેકશન જોવામાં આવે છે પણ અહીં ત્યારે ત્યારે એફઆઈઆઈનો પ્રવાહ સુકાવાની કે ઉલટી દિશામાં વહેવાની વાત નથી માત્ર ઘટાડવાની વાત છે. અત્યારની પરિસ્થિતિને સંકેલવા માટે સેબીએ ૧૮ મહિનાનો સમય આપ્યો છે. વળી આ સમયગાળા દરમ્યાન ડોમેસ્ટીક મ્યુચ્યુઅલ ફંડોની નાણાં સ્થિતિ ફાટફાટ છે અને લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીઓ પાસે પણ જંગી નાણાં છે તે બધા બજારમાં ઠલવાશે તેથી બજાર મંદી તરફ વળી જશે નહિ. લાઈફ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા નાણાંકીય વર્ષ ૨૦૦૮ના બીજા છ મહિનામાં રૂા.૧૨,૦૦૦ કરોડ બજારમાં રોકવા માગે છે. મ્યુચ્યુઅલ ફંડો પાસે પણ રૂા.૧૪,૦૦૦ કરોડ જેવી રકમ જમા છે. તે પણે શેરબજારમાં વળી શકે છે તે જોતાં શેરબજારમાં મંદી આવવાનો સંભવ નથી. ■

ટોચના ઈકવીટી ફંડોની શેરખાનની પસંદગી

અમેરિકાની ફેડરલ રિઝર્વ(ફંડ) દ્વારા કરવામાં આવેલા પચાસ બેસિઝ પોઈન્ટના ઘટાડાને પગલે સપ્ટેમ્બર ૨૦૦૫માં બજારમાં જબ્બર ઉછાળો જોવા મળ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી બંન્નેમાં લગભગ ૧૬ ટકા જેટલો ઉછાળો નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે સેન્સેક્સે ૧૬,૦૦૦થી ૧૭,૦૦૦ની છલાંગ લગાવવા માત્ર ૬ જ ટ્રેડિંગ સેશન લીધા હતા ટૂંકા સમયમાં પૂર્ણ વેગથી આગળ વધવાનુ સેન્સેક્સનું વલણ હજુ ચાલુ જ છે. બજારે-સેન્સેક્સે ૧૯,૦૦૦નો આંક પાર કરી લીધો છે અને બહુ જલદીજ સેન્સેક્સ ૨૦,૦૦૦નો આંક પાર કરે એવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

અમારું માનવું છે કે આવનારા સમયમાં બજાર નવી ઊંચાઈ સર કરશે. વિપુલ વૈશ્વિક નાણાંકીય પ્રવાહીય અને ભારતના મજબુત આર્થિક વિકાસને પગલે બજાર નવી ઊંચાઈ સર કરશે. અમેરિકાના અર્થતંત્રને વધુ મંદીમાં સપડાતા અટકાવવા ફંડ દ્વારા વ્યાજદરમાં કરવામાં આવેલા ઘટાડાએ વિશ્વના બજારમાં નાણાંકીય પ્રવાહને વધાર્યો છે. વૈશ્વિક સ્તરે વધેલી નાણાંકીય પ્રવાહીતાને કારણે સૌથી વધુ લાભ મજબૂત ફંડામેન્ટલ ધરાવતા ઉભરતા બજારોને થયો છે. ફંડ દ્વારા વ્યાજ-દરમાં કરવામાં આવેલા ઘટાડા બાદ ભારતિય બજારોમાં વિદેશી ફંડોનો વધેલો પ્રવાહ આનો પુરાવો છે. એફઆઈઆઈ (ફોરેન ઈન્સિટટયૂશનલ ઈન્વેસ્ટર)એ લગભગ ૨૪૦૦ કરોડના શેર ખરીદતા સેન્સેક્સે ૧૬,૦૦૦ની સપાટી વટાવી હતી ૧૮ સપ્ટેમ્બરથી ૪,ઓક્ટોબર વચ્ચે એફઆઈઆઈએ ભારતીય બજારમાં ૨૦,૦૦૦ કરોડથી પણ વધુ રૂપિયા ઠાલવ્યા હતા. ચોખ્ખી વાત છે કે બજાર નાણાંકિય પ્રવાહિતાને આધારે આગળ વધે છે અને હાલ બજારમાં વિપુલ નાણાંકિય પ્રાવહિતા છે.

સારા સમાચાર તો એ છે કે આવનારા દિવસોમાં પણ બજારમાં નાણાંકીય પ્રવાહ વધે એવા એંધણા છે. વૈશ્વિક પરિસ્થિતિ ખાસ કરીને અમેરિકાની આર્થિક પરિસ્થિતિને આપણી તરફેણમાં રહેવાને પગલે આવનારા દિવસોમાં ભારતિય બજારમાં નાણાંકીય પ્રવાહિતા વધશે. અમેરિકાના હાઉસિંગ ક્ષેત્રમાં અચાનક આવી પડેલી મંદી પર અત્યાર સુધીમાં કાબુ મેળવી લીધો હોય એવુ જણાઈ રહ્યું છે. વર્ષ ૨૦૦૭ના બીજા ત્રિમાસિકના ૩.૮ના જેટલા મજબુત જીડીપી જેટલો વિકાસદર કોર્પોરેટ નફામાં ૬.૧ ટકાનો વિકાસદર અને બજારમાં ટકી રહેવાની શક્તિમાં આનું પ્રતિબિંબ પડે છે. તેથી જ અમારું માનવું છે કે અમેરિકાનું અર્થતંત્ર વધુ મંદીમાં સપડાવાને બદલે ધિચણપરના વ્યાજદરમાં ઘટાડો કરશે.

અર્થતંત્રની સતત સારી કામગીરીને કારણે ભારતીય બજાર મોટા ભાગના વિદેશી રોકાણકારો માટે પસંદગીના બજાર તરીકે ઉભરી આવ્યું છે. ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન (આઈઆઈપી)માં નિયમનને પગલે છેલ્લા થોડા સમયમાં જીડીપીનો વિકાસદર ધીમો પડયો હોવા છતાં જૂન ૨૦૦૭માં પૂરા થયેલા સાત ત્રિમાસિકમાંથી ૬ ત્રિમાસિકમાં વિકાસદર નવ ટકા કે તેથી વધુ રહ્યો હતો. આઈઆઈપીના નિયમનને કારણે બજારના અંદાજીત ૯.૬ ટકાના વિકાસ-દરની સરખામણીએ જીડીપીનો વિકાસદર ૭.૧ ટકા જેટલો રહ્યો હતો. આરબીઆઈ દ્વારા અપનાવવામાં આવેલી કડક આર્થિક નીતિ સ્થાનિક માગ સ્થગિત થઈ જતા તેમજ નિકાસને અસર થવાને કારણે વિકાસદર ધીમો પડયો હતો.

કેપિટલ ગુડસ અને ઉત્પાદનનો વેગ ધીમો પડયો હોવા છતાં કૃષિક્ષેત્રના ઉંચા વિકાસદરને કારણે ૮.૫ ટકાનો વિકાસ દર હાંસલ કરી શકાય એવું જણાઈ રહ્યું છે જે આરબીઆઈ દ્વારા અપનાવવામાં આવેલી કડક નાણાંકીય નિતિના સમયગાળા દરમિયાન વિદેશી રોકાણકારોના હિતનું રક્ષણ કરવા માટે સન્માનજનક અને સંતોષકારક છે.

તદુપરાંત સ્થાનિક વ્યાજદરમાં થયેલા વધારાએ આરબીઆઈ દ્વારા વહેલામોડા વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવે એવી અપેક્ષા જગાડી છે. વ્યાજદરમાં થોડો ઘણો પણ ઘટાડો માગમાં વધારો કરી અર્થતંત્રના વિકાસદરને વેગ આપશે અને ઉદ્યોગોને રોકાણની તક પૂરી પાડશે. (સ્થાનિક માગ લગભગ જીડીપીના ૬૫ ટકા જેટલી છે.) ધિરાણદર અને ફૂગાવાના દરને નીચે લાવવાનું તેમનું લક્ષ્યાંક સિધ્ધ થઈ ગયું હોઈ અમે અપેક્ષા રાખીએ છીએ કે આરબીઆઈ પોતાનું એક તરફી વલણ બદલાવી તટસ્થ વલણ અપનાવે. તેમ છતાં વધતો જતો એફઆઈનો પ્રવાહ, ફોરેન ડિરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ અને ખાનગી ઈકવિટીએ નાણાંકીય પ્રવાહના વિકાસને ૨૦ ટકા જેટલો રાખ્યો છે જે આરબીઆઈના ૧૭.૫ ટકાના નિર્વારિત લક્ષ્યાંક કરતા વધુ છે. માટેજ આ બધી બાબતોને ધ્યાનમાં રાખતા અમે અપેક્ષા રાખીએ છીએ કે આરબીઆઈએ પોતાનું એક તરફી વલણબાજી વ્યાજદરમાં ઘટાડો કરતા અગાઉ વધુ તટસ્થ વલણ અપનાવવું જોઈએ.

રૂપિયાને મામલે વધુ રાહતની અપેક્ષા ન રાખવા છતાં વિદેશી રોકાણકારોનો વધતો જતો પ્રવાહ સમગ્ર વર્ષ દરમિયાન રૂપિયાને વધુ મજબુત ચખરો-બનાવશે એવી અપેક્ષા અમે રાખી રહ્યા છીએ. ઓક્ટોબર ૪, ૨૦૦૭ના ડોલરની સરખામણીએ ડોલરદીઠ ૩૯.૪૭૫ રૂપિયા સાથે રૂપિયાએ છેલ્લા નવ વર્ષની સૌથી ઊંચી સપાટી હાંસલ કરી હતી. આ સાથેજ આ વર્ષે અત્યાર સુધામાં રૂપિયાના મૂલ્યાંકનમાં ૧૧.૬ ટકાનો વધારો નોંધાયો હતો. એ બાબતથી તો તમે અજાણ નથી જ કે રૂપિયાના મૂલ્યમાં થયેલા વધારાએ નિકાસ પર અસર કરી છે. ઓગસ્ટ ૨૦૦૭માં ડોલરની ગણતરીએ નિકાસ આંક ૧૮.૯૧ ટકા વધુને ૧૨.૬૮ બિલીયન પર પહોંચ્યો હતો. જ્યારે રૂપિયાની ગણતરીએ નિકાસદર માત્ર ૪.૩ ટકાજ વધ્યો હતો. રૂપિયાના મૂલ્યમાં થયેલા વધારાની અસર હાલ સંપૂર્ણ રીતે જાણી શકાય એમ નથી. પરંતુ આવનારા ત્રિમાસિક દરમિયાન કંપનીની આવકમાં તેનું પ્રતિબિંબ પડશે. ઉદ્યોગજગતની વાત કરીએ તો બીજા ત્રિમાસિકના પરીણામો જાહેર થઈ ગયા છે. આ ત્રિમાસિક દરમિયાન અમે આવકદરની સ્થિરતા ૨૦ ટકા જેટલી રહે એવી અપેક્ષા રાખી રહ્યા છીએ. ફોરેન એક્સચેન્જ સંબંધીત મળતર નફામાં અમે આશ્ચર્યની અપેક્ષા રાખી રહ્યા છીએ. વર્ષ ૨૦૦૭ના નાણાંકીય વર્ષમાં એકઠા કરવામાં આવેલા ૪૯,૮૧૩ કરોડ કોર્પોરેટ ટેક્સની સરખામણીએ ચાલુ નાણાંકીય વર્ષના સપ્ટેમ્બર મહિના સુધીમાં એકઠા કરવામાં આવેલા ૭૨,૮૧૩ કરોડ કોર્પોરેટ ટેક્સ ૪૧ ટકાનો વધારો સૂચવે છે. જે નિકાસદર ધીમાં પડયો હોવા છતાં કોર્પોરેટ આવકની તંદુરસ્તીનો નિર્દેશ કરે છે.

પરિણામે, સ્થાનિક વિકાસદર અને ફંડ દ્વારા વ્યાજદરમાં કરવામાં આવેલા ઘટાડાને પગલે વૈશ્વિક નાણાંકીય પ્રવાહિતામાં થયેલા વધારાએ ભારતીય બજાર માટે તેજીનો મંચ ઊભો કર્યો હતો. તેજીનું વાતાવરણ ઊભું કર્યુ હતુ. રાજકીય કટોકટી અને એફઆઈઆઈના પ્રવાહ પરની બજારની નિર્ભરતા ચિંતાના કારણો રહ્યા હતા. ૧૪,૦૦૦ કરોડ રૂપિયાનું ભંડોળ ધરાવતા સ્થાનિક મ્યૂચ્યુઅલ ફંડ અને ભારતીય બજારમાં લાંબા ગાળાનું રોકાણ કરતી જીવન વીમા કંપનીઓને કારણે બજાર નીચે જવાના જોખમ સામે રક્ષણ મળ્યું છે. અમારું માનવું છે કે ઉદ્યોગજગતની મજબૂત આવક, ઉદાર આર્થિક નિતી અને નાણાંનો વિપુલ પ્રવાહ નજીકના ભવિષ્યમાં ભારતિય બજારમાં તેજીનો પ્રવાહ જાળવી રાખશે.

નીચેની ત્રણ બાબતોને ધ્યાનમાં રાખીને બજારમાં હાલ રોકાણ માટે ઉપલબ્ધ સારામાં સારી સ્કીમોને અમે ઓળખી ચોંધી કાઢી છે. (૧) છેલ્લા એક કે બે વર્ષમાં કંપનીએ આપેલા વળતર, તેમજ ભૂતકાળમાં કંપનીની કામગીરી, (૨) શાર્પે રેશિયો અને (૩) ફામા.

ભૂતકાળમાં કંપનીની કામગીરીને આધારે છેલ્લા એક કે બે વર્ષમાં કંપનીએ આપેલા વળતરને ગણતરીમાં લઈ કંપનીના એક કે બે વર્ષમાં કંપનીએ આપેલા વળતરને ગણતરીમાં લઈ કંપનીના ભૂતકાળના પર્ફોમેન્સનો અંદાજ મૂકવામાં આવે છે. શાર્પે રેશિયો જોખમ આવરી લેતા વળતરનો નિર્દેશ કરે છે. દરેક યુનિટ પર લેવામાં આવેલા જોખમ માટે જોખમ સહિત સ્કીમ પર વધારાની આવક આપવાનો શાર્પે નિર્દેશ કરે

છે. સ્ટાગુર્ડ ડેવિયેશનને ગણતરીમાં લઈને આપવામાં આવતા રિટર્નને ગણતરીમાં લઈ કંપની દ્વારા આપવામાં આવતા સાતત્યપૂર્ણ વળતરનો પણ શાર્પ રેશિયો નિર્દેશ કરે છે.

પસંદગીની સ્કીમોમાં રોકાણ કરી મેળવવામાં આવતું વળતર-નફામાં ફામા પ્રતિનિધિત્વ કરે છે. એટલે કે સારી અને લાભદાયી સ્કીમોની પસંદગી કરવાની ફંડ મેનેજરની આવડતને કારણે થતો નફો. ફંડ મેનેજરની સ્કીમ પસંદગી કરવાની ક્ષમતાનું પ્રતિબિંબ પાડતી હોવાને કારણે પસંદ કરેલી સ્કીમોનું ઊંચું વધુ પસંદ કરવામાં આવે છે.

ઉપર જણાવેલ ચાર બાબતોને ધ્યાનમાં રાખીને અમે ટોચની ૧૦ સ્કીમને પસંદ કરી ક્રમાંક આપ્યા બાદ આ ચાર બાબતોને ધ્યાનમાં રાખી ટોચની ૧૦ સ્કીમોની વચગાળાની કિંમતની ગણતરી કરી છે. ત્યારબાદ અમે ઉપરોક્ત ચાર બાબતોને જ ધ્યાનમાં રાખીને સ્કીમના અન્ડર પફોર્મન્સ અને ઓવર પફોર્મન્સ (રિલેટીવ પફોર્મન્સ)ની ટકાવારીની ગણતરી કરી છે.

સ્કીમોની અંતિમ પસંદગી માટે છેલ્લા એક કે બે વર્ષ દરમિયાન સ્કીમે આપેલા વળતર આધારે સ્કીમને ૩૦ ટકા વેઈટેજ આપ્યું છે. સ્કીમના રિલેટીવ પફોર્મન્સને આધારે ૩૦ ટકા વેઈટેજ, શાર્પ રેશિયોના આધારે ૩૦ ટકા વેઈટેજ અને ફામાના રિલેટીવ પફોર્મન્સને આધારે ૧૦ ટકા વેઈટેજ આપવામાં આવ્યુ છે.

એગ્રેસીવ ફેડ્સ

મીડકેપ કેટેગરી

સ્કીમના નામ	નવે.	પાછુ ૨૫, સપ્ટે. ૦૭ (%)		
		3 મહિના	1 વર્ષ	2 વર્ષ
સુંદરમ બીએનપી પેરીબાસ સીલેકટેડ મીડકેપ	113.37	15.46	37.98	47.86
બિરલા મીડ કેપ	86.77	17.69	52.15	42.80
એસબીઆઈ મેગ્નમ મીડકેપ	28.70	14.98	53.56	43.38
રિલાયન્સ ગ્રોથ	347.84	14.36	50.09	41.01
એચડીએફસી કેપીટલ બિલ્ડર	83.09	14.59	46.50	30.76
ઈન્ડાસીસ				
બીએસસી સેન્સેક્સ	17291.10	19.21	39.66	41.75

અપરચ્યુનીટી કેટેગરી

સ્કીમના નામ	નવે.	પાછુ ૨૫, સપ્ટે. ૦૭ (%)		
		3 મહિના	1 વર્ષ	2 વર્ષ
કોટક ઓપરચ્યુનીટી	37.80	18.72	49.10	45.47
એબીએન એએમઆરઓ ઓપરચ્યુનીટીસ	28.02	15.01	58.80	43.47
ફીડેલીટી ઈકવીટી	27.01	13.24	48.13	41.59
ડીએસપી એમએલ ઓપોરચ્યુનીટીસ	70.20	15.96	43.20	40.96
ફ્રેન્કલીન ઈન્ડિયા ફ્લેક્સી કેપ	26.33	15.79	39.02	41.56
ઈન્ડિસીસ				
બીએસસી સેન્સેક્સ	17291.10	19.21	39.66	41.75

ઈકવીટી ડીવર્સીફાઈડ/કન્ઝરવેટીવ ફંડસ્

સ્કીમના નામ	નવે.	પાછુ ૨૫, સપ્ટે. ૦૭ (%)		
		3 મહિના	1 વર્ષ	2 વર્ષ
એસબીઆઈ મેગનમ મલ્ટીપલ્યાર પ્લસ 93	71.11	20.87	54.86	49.28
સુંદરમ બીએનપી પેરીબાસ સીલેક્ટ ફોકસ	80.24	26.24	52.02	48.94
બિરલા સન લાઈફ ફ્રન્ટલાઈન ઈકવીટી	65.66	17.08	47.09	44.58
ડીએસપી એમએલ ટોપ ૧૦૦ ઈકવીટી	74.94	16.09	49.25	46.58
ફ્રેન્કલાઈન ઈન્ડિયા પ્રાઈમ પ્લસ	177.27	14.77	49.56	46.21
એચડીએફસી ગ્રોથ	63.82	17.54	48.31	43.24
બિરલા સનલાઈફ ઈકવીટી	240.27	17.13	53.41	43.55
રિલાયન્સ વીઝીયન	235.29	14.30	48.35	44.20
સુંદરમ બીએનપી પેરીબાસ ગ્રોથ	87.06	21.91	43.27	42.21
ઈન્ડિસીસ				
બીએસસી સેન્સેક્સ	17291.10	19.21	39.66	41.75

ધમેટીક/ઈમર્જીંગ ટ્રેન્ડ ફંડસ્

સ્કીમના નામ	નવે.	પાછુ ૨૫, સપ્ટે. ૦૭ (%)		
		3 મહિના	1 વર્ષ	2 વર્ષ
આઈસીઆઈસ પ્રુડેન્ટીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર	25.78	22.59	61.43	54.93
ડીએસપી એમએવ ઈન્ડિયા ટાઈગર	45.86	21.52	64.07	54.06
ટાટા ઈન્ફ્રાસ્ટ્રકચર	32.93	22.82	60.56	53.60
ટાટા ઈકવીટી પી/ઈ	35.76	18.31	59.30	37.23
એસબીઆઈ મેગનમ સેકટર અંબ્રેલા - કોન્ટ્રા	49.37	19.05	48.26	46.41
એસબીઆઈ મેગનમ કોમા ફંડ	21.89	25.23	52.33	43.77
ઈન્ડિસીસ				
બીએસસી સેન્સેક્સ	17291.10	19.21	39.66	41.75

બેલેન્સ ફંડ્સ

સ્કીમના નામ	નવે.	પાછુ ૨૫, સપ્ટે. ૦૭ (%)		
		3 મહિના	1 વર્ષ	2 વર્ષ
ટાટા બેલેન્સ	62.54	12.97	41.93	34.04
બિરલા સનલાઈફ 95	225.94	13.89	39.96	31.72
એફટી ઈન્ડિયા બેલેન્સ	40.77	13.86	36.96	32.13
ડીએસપી એમએલ બેલેન્સ	48.13	11.13	37.74	34.06
એસબીઆઈ મેગનમ બેલેન્સ	43.14	13.95	36.13	32.21
ઈન્ડિસીસ				
ક્રીસીલ બેલેન્સ ફંડ ઈન્ડેક્સ	2890.43	12.10	26.83	25.34

ટેકસ પ્લાનીંગ ફંડ્સ

સ્કીમના નામ	નવે.	પાછુ ૨૫, સપ્ટે. ૦૭ (%)		
		3 મહિના	1 વર્ષ	2 વર્ષ
બિરલા સનલાઈફ ટેકસ રીલીફ 96	124.46	20.55	55.35	45.23
પ્રિન્સિપલ પર્સનલટેકસ સર્વર	178.68	17.43	70.82	42.42
પ્રિન્સિપલ ટેકસ સેવિંગસ	98.75	10.76	54.89	44.82
સુંદરમ બીએનપી પેરીબાસ ટેકસ સર્વર	35.13	21.00	48.78	38.94
ઈન્ડિસીસ				
બીએસસી સેન્સેક્સ	17291.10	19.21	39.66	41.75

દરેક વ્યક્તિની તેમના નાણાંકીય ધ્યેયો અને જોખમ લેવાની ક્ષમતા આધારે અલગઅલગ રોકાણ જરૂરિયાતોના આધારે હોય છે. અમે શેરખાન સૌ પ્રથમ વ્યક્તિગત રોકાણ હેતુઓ અને જોખમ લેવાની ક્ષમતા જાણીને યોગ્ય પોર્ટફોલિયોની ભલામણ કરીએ છીએ. આથી અમે એવુ સૂચન કરીએ છીએ કે શ્રેષ્ઠ ફંડમાં રોકાણ કરવાં પહેલા અમારા મ્યુચ્યુઅલ ફંડના સલાહકારની સલાહ લેવી. ■

કેપીટલ ગુડ્સ — ૦૫ ઓક્ટોબર, ૨૦૦૭

ચળકતી કામગીરી

આવકમાં તંદુરસ્ત વધારાને પગલે તાજેતરના ભૂતકાળમાં કેપીયા ગુડ્સ ક્ષેત્રની કંપનીઓએ શેરબજારમાં ઉલ્લેખનીય પ્રદર્શન કર્યું છે. કેપીટસ ગુડ્સ કંપનીઓના વિકાસ દરનો આધાર મુખ્યત્વે ઈન્ફ્રાસ્ટ્રકચર અને પાવર સેકટરમાં કરવામાં આવતા મોટા રોકાણ પર નિર્ભર છે. અમારું માનવું છે કે ભારતે ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસના ક્ષેત્રમાં પ્રવેશ કરી દીધો છે. અને આ ક્ષેત્રમાં મંદી આવતા ઘણો લાંબો સમય જશે. આ બાબતે કેપિટસ ગુડ્સ અને એન્જિનીયરીંગ કંપનીઓમાં કમાણી માટે વધારે દૂરદેશીની તક પૂરી પાડે છે. અમે આવરી લીધેલી કંપનીઓના ઓર્ડર બુકમાં થઈ રહેલા વધારાની વાતને વિશ્વભરનો ટેકો મળ્યો છે. આ બાબતે અમારા દ્વારા આવરી લેવામાં આવેલી કંપનીઓને નવુ મૂલ્ય કન કરવાની ફરજ પડી છે. અને વિશ્વભરમાં આ કંપનીઓને નવો પી-ઈ ગુણાંક મળી રહ્યો છે. લાર્જ કેપ માટે ભારત હેપી ઈલેકટ્રીકલ લિમિટેડ અને મિડકેપ માટે ઈન્ડોટેક ટ્રાન્સફોર્મર અમારી ટોચની પસંદગી છે.

ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રમાં રોકાણનો પ્રવાહ વધી રહ્યો છે.

વર્ષ ૨૦૦૭-૨૦૧૨ની પંચવર્ષિય યોજનાના આયોજન પંચ દ્વારા દર્શાવવામાં આવેલી સ્થિતિ મુજબ અગિયારમી પંચ વર્ષિય યોજના દરમ્યાન જીડીપીનો વૃદ્ધિ દર નવ ટકા જેટલો રાખવા જીડીપીના પ્રમાણના સરેરાશ ૩૫.૧ ટકા જેટલો રોકાણદર હોવો રાખવો જરૂરી બનશે. જેને કારણે ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રમાં રોકાણનો જબરજસ્ત પ્રવાહ જોવા મળશે. અમારું માનવું છે કે ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રમાં રોકાણના વધારાના પ્રવાહની આ નો હજુ શરૂઆત માત્ર છે અને હજુ તો ખૂબ લાંબો રસ્તો કાપવાનો છે.

સરકારનું વલણ

સરકારે જયારે વીજળી ઉત્પાદનની ક્ષમતા વધારવા આક્રમક યોજનાનો અમલ કરવાનું નક્કી કર્યું ત્યારે ભૂતકાળની નબળી કામગીરીને કારણે યોજનાને મામલે ઘણો બધો સંશય હતો. આમછતાં, તાજેતરમાં સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં ઘણાં જ અસરકારક છે.

શું રાજકીય કટોકટી આ યોજનાને ધીમી પાડશે?

અમે રાજકીય વિશ્લેષકો નથી પરંતુ ભારત-અમેરિકા પરમાણુ કરારને મુદ્દે ઉભી થયેલી ગંભીર રાજકીય કટોકટી અને સરકારની સ્થિરતા પર મૂકાયેલા પ્રશ્નાર્થને કારણે અમારું માનવું છે કે મોટી રાજકીય અસ્થિરતા ઈન્ફ્રાસ્ટ્રકચર સાયકલ અને યોજનાના અમલને વિલંબમાં નાખી શકે છે. પરંતુ, દેશની સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં અમે લાંબાગાળાના રોકાણ માટે હકારાત્મક વલણ ધરાવીએ છીએ.

નવેસરથી મૂલ્યાંકન શામાટે ?

અન્ય ક્ષેત્રના શેર દ્વારા આપવામાં આવેલા વળતર કરતાં છેલ્લાં છ મહિનામાં કેપિટલ ગુડ્સના શેરોએ વધુ સારું વળતર આપ્યું છે. માટે જ અમારું માનવું છે કે કેપિટલ ગુડ્સ અને એન્જિનિયરીંગ ક્ષેત્રની પી/ઈ મલ્ટીપલ હાયર બેન્ડમાં પ્રવેશવા સજ્જ છે. આ ક્ષેત્રની કંપનીઓની આવકનો વિકાસ દર અને વધતા ઓર્ડરો અમારા દ્વારા આવેલી કંપનીઓના હકારાત્મક પરિણામો અમારી દલીલને ટેકો પૂરો પાડે છે અમારી દલીલનું સમર્થન કરે છે. ■

વધુ વિગત માટે અમારી વેબ સાઈટ *sharekhan.com*ની રીસર્ચ સેકસનની વિઝીટ કરો

આ લેખમાંની કોઈપણ કંપનીમાં લેખક રોકાણ ધરાવતા નથી.

ઈન્ફોર્મેશન ટેકનોલોજી — ૦૫ ઓક્ટોબર, ૨૦૦૭

વધુ પડતી નબળાઈ

વેપાર ક્ષેત્રના બાહ્ય પરિબળોમાં આવતા ફેરફાર (જેવા કે રૂપિયાના મૂલ્યમાં વધારો અને અમેરિકાના અર્થતંત્રમાં ચાલી રહેલી મંદી)ને ધ્યાનમાં રાખીને અમે મિડકેપ ટેક શેરની આવકના અંદાજ અને ભલામણ સૂચનોમાં ફેરફાર કર્યો છે.

ફરીને નોસરથી કરવામાં આવેલી ભલામણ

ખરીદવાનું ચાલુ રાખો - (થ્રી આઈટેક, ટાટા એલેક્સી) અમેરિકા ડોલરમાં બિલિંગનું ઓછું પ્રમાણ અને તેમનાં આકર્ષક મૂલ્યાંકનને કારણે થ્રી આઈ ઈન્ફોટેક અને ટાટા એલેક્સીના શેર ખરીદવાની વાતને અમે વળગી રહીએ છીએ. તેમના જુદા જુદા ક્ષેત્રના બિઝનેશના વિકાસદરમાં પણ સારી તંદુરસ્ત વૃદ્ધિ જોવા મળી રહી છે. આ બાબતો ટેકનોલોજીના શેર અંગેના નકારાત્મક વલણ-માનસિકતા અને મંદીના જોખમોને મર્યાદામાં રાખે છે.

પકડી રાખવાની ભલામણ ન કરી શકાય તેવા શેર

(હેક્સાવેર અને ઝેન્સાર)

અમેરિકાના અર્થતંત્રની અને રૂપિયાના મૂલ્યાંકનને મામલે વધુ સંવેદનશીલ હોવાને કારણે હેક્સાવેર ટેક અને ઝેન્સાર ટેકના શેરો વધુ લાંબો સમય પકડી રાખવાની ભલામણ કરી શકાય એવા નથી. આમ છતાં શેરોની કિંમતમાં મોટું કરેકશન આ બે કંપનીઓને આ બાબતમાં વધુ નકારાત્મક અસર કરી છે.

બુક પ્રફિટ બુક આઉટ (એનઆઈઆઈટી અને ઓઆરજી ઈન્ફોમેટીક)

નવા અંદાજોને આધારે અમે એનઆઈઆઈટી ટેકના નામના ભલામણ કરીશું. પ્રમાણમાં આ કંપનીના શેરોની કિંમત વધારે છે છતાં આવરી લેવામાં આવેલી અન્ય કંપનીઓની સરખામણીએ આવકનો વિકાસદર ઓછો નજરે પડે છે. માર્ચ ૨૦૦૬માં અમે કરેલી ભલામણ બાદ આ કંપનીના શેરના ભાવમાં ૧૬૮ ટકા જેટલો વધારો નોંધાયો છે. અન્ય બુક થઈ ગયેલા શેરોમાં એઆરજી ઈન્ફોમેટીકના શેર છે. કંપની બેંકલોગ ઓર્ડર ઘટાડી શકી ન હોવાથી તેની આવકનો વૃદ્ધિ દરમાં ઘટાડો જોવા મળ્યો છે.

ખરીદવા માટે અપગ્રેડ કરાયેલા શેર (ન્યુકિલઅસ સોફ્ટવેર)

તાજેતરમાં ન્યુકલિઅસ શેરના ભાવમાં કરવામાં આવેલા કરેકસનને કારણે આ કંપનીના શેરના મૂલ્યાંકનમાં થયેલા આકર્ષક વધારાને કારણે ન્યુકલીઅસ શેર પકડી રાખવાને બદલે અપગ્રેડ થયેલા શેર ખરીદવા માટે ભલામણ કરાય તેવી શ્રેણીમાં આવી ગયા છે. આમ છતાં કંપનીના ઉત્પાદનના વેપારમાં સતત મજબુત સંચાલન જોવા મળી રહ્યું છે. કંપની ઉત્પાદન આધારિત જોવા વ્યૂહ, પ્રતિષ્ઠિત ગ્રાહકો અને કંપનીનો વ્યવસાયના ક્ષેત્રમાં ટોચનો દરજ્જો આ બધુ જોતા આ કંપનીનાં શેરો હરીફ કંપનીના શેરો કરતાં વધારે ભાવે વેચાશે એવી અમારી ધારણા છે. ■

રીવાઈસ્ડ રેટીંગ

	Recommendation	Revised price target (Rs)
થ્રી આઈ ઈન્ફોટેચ	ખરીદો	180
હેક્સાવેર ટેચ.	વેંચો	170
ન્યુકલીઅસ સોફ્ટવેર	ખરીદો	370
ટાટા એલેક્સી	ખરીદો	355
ઝેનસાર	વેંચો	380

વધુ વિગત માટે અમારી વેબ સાઈટ *sharekhan.com*ની રીસર્ચ સેકસનની વિઝીટ કરો

આ લેખમાંની કોઈપણ કંપનીમાં લેખક રોકાણ ધરાવતા નથી.

એબીબી ઈન્ડીયા

વ્યુ પોઈન્ટ	ખરીદો સીએમપી : રૂા. ૧૪૩૪	૨૫ ઓક્ટોબર,૨૦૦૭

સંગીન વૃધ્ધિ

પરિણામો વિશેષતા

- ૨૦૦૭ના કેલેન્ડર વર્ષ દરમ્યાન એબીબી ઈન્ડિયાએ રૂા.૧૩૭૭.૫ કરોડના ચોખ્ખા વેચાણ પર વાયઓવાય ધોરણે ૨૮.૭ ટકાની વૃધ્ધિ હાંસલ કરી છે. ચોખ્ખા વેચાણ પર આ સંગીન વૃધ્ધિ પાછળનું પરીબળ પ્રોસેસ ઓટોમેશન અને ઓટોમેશન પ્રોડક્ટ બીઝનેશ ક્ષેત્રે જોવાયેલી વૃધ્ધિ છે.
- ઓપરેટિંગ નફો ૫૫.૯ ટકા વધીને રૂા.૧૭૨.૪ કરોડ થયો છે પરિણામે ઓપરેટિંગ નફા માર્જીન(ઓપીએમ) ૧૨.૫ ટકા રહ્યું છે. કામગીરીમાં કાર્યક્ષમતા અને સુધરેલી ઉત્પાદકતાને પરિણામે ઓપીએમમાં વાયઓવાય ધોરણે ૨૨૦ બેસીસ પોઈન્ટનો સુધારો જોવાયો છે.
- ઘસારા ચાર્જમાં ૧૯.૭ ટકાનો વધારો થવા પામ્યો છે. આમ છતાં વ્યાજ ખર્ચ તીવ્રપણે વધીને રૂા.૧.૬ કરોડ થઈ છે. પરિણામ સ્વરૂપ ચોખ્ખા નફામાં વાયઓવાય ધોરણે ૪૦.૮ ટકાની વૃધ્ધિ સાથે રૂા.૧૧૫.૭ કરોડ થયો છે.
- ક્ષેત્રવાર કામગીરી જોઈએ તો પ્રેસિસ ઓટોમેશન અને ઓટોમેશન પ્રોડકટ બીઝનેશમાં વાયઓવાય ધોરણે સંગીન એવી અનુક્રમે ૪૫.૩ ટકા અને ૪૧.૫ ટકા વૃધ્ધિ જોવા મળી છે. પાવર સીસ્ટમ કામકાજમાં પણ મજબુત એવી ૨૬.૧ ટકા વાયઓવાય ધોરણે વૃધ્ધિ સાથે રૂા.૫૧૩.૫ કરોડ થઈ છે.
- વ્યાજ અને વેરા પહેલાનું નફા માર્જીન (પીબીઆઈટી)માં પ્રોસેસ ઓટોમેશન કામકાજમાં ૨૧૫ બેસીસ પોઈન્ટનો અને ઓટોમેશન પ્રોડકટ કામકાજમાં ૪૫૦ બેસીસ પોઈન્ટનો વધારો જોવા મળ્યો છે.
- કંપનીનાં ઓર્ડર પ્રવાહમાં વાયઓવાય ધોરણે ૨૨.૮ ટકા વૃધ્ધિ સાથે રૂા.૧૬૬.૮૩ કરોડ થયો છે પરિણામ સારૂપ ક્વાર્ટરનાં અંતે ઓર્ડર બેકલોગ રૂા.૪૯૦૦ કરોડનો રહેવા પામ્યો છે. ક્યુઓક્યુ ધોરણે ઓર્ડર બેકલોગ ૫.૭ ટકા વધવા પામ્યો છે

ભાવિ

એબીબીનો વિકાસ સંગીનપણે થવા પામ્યો છે તેમજ ૨૦૦૬નાં કેલેન્ડર વર્ષનાં પ્રથમ નવ મહીનાનાં ગાળામાં કંપનીએ નફામાં ૫૧.૪ ટકાની વૃધ્ધિ નોંધાવી છે. એકંદરે પાવર અને પાવર ઈક્વીપમેન્ટ કંપનીનું ભાવિ સકારાત્મક રહેવા પામ્યું છે. એબીબીને સૌથી મોટો ફાયદો કંપનીનો વૈશ્વિક વારસો વધુ સારી ટેક્નોલોજી પુરી પાડે છે. આજે એબીબી ઈન્ડિયા તેનાં વૈશ્વિક કામકાજ દ્વારા સાતમા ક્રમનો સૌથી ઉંચુ યોગદાન આપનાર કંપની છે. અને આગામી બે વર્ષનાં ગાળામાં રૂા.૨૫૦૦ કરોડનાં મૂડી ખર્ચનું આયોજન કર્યુ છે. એનાલીસ્ટો સાથેની છેલ્લી બેઠકમાં કંપનીએ કામકાજની ઉજ્જવળ શક્યતા ઘરાવતાં નવા ક્ષેત્રે જેવાકે પાણીનાં પ્રકલ્પો (લીફ્ટ ઈરીગેશન અને ડેસ્ટીનેશન પ્રોજક્ટ) સ્પેશિયલ ઈકોનોમિક ઝોન, પોર્ટ હાર્બર સીસ્ટમ, વિન્ડ એનર્જી, રેલ્વે, ઓટોમોબાઈલ્સ અને એસેટ મેનેજમેન્ટ ક્ષેત્રે દાખલ થવાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. પાવર સોલ્યુશન સ્પેશની માંગમાં જોવાઈ રહેલી તેજીને પગલે એબીબીનું ભાવિ સકારાત્મક છે. હાલમાં એબીબીનો શેર સીવાય ૨૦૦૭ઈ અને સીવાય ૨૦૦૮ઈનાં સર્વ સંમત કમાણી સામે ૫૭.૬ અને ૪૦નો પી/ઈ ધરાવે છે કંપનીનાં હરીફો ભેલ અને કોમ્પટનની સરખામણીએ કમાણીમાં પ્રીમિયમ જણાય છે. ■

વધુ વિગત માટે અમારી વેબ સાઈટ *sharekhan.com*ની રીસર્ચ સેકસનની વિઝીટ કરો

આ લેખમાંની કોઈપણ કંપનીમાં લેખક રોકાણ ધરાવતા નથી.

હિન્દુસ્તાન ઝીંક

વ્યુ પોઈન્ટ	ખરીદો સીએમપી : રૂા. ૮૪૨	૨૨ ઓક્ટોબર,૨૦૦૭

બાજરનાં અંદાજ અનુસાર ક્યુટુના પરિણામો

પરિણામો વિશેષતા

- હિન્દુસ્તાન ઝીંક લી. એ ક્યુટુ એફવાય ૨૦૦૮ દરમ્યાન તેની આવકમાં વાયઓવાય ધોરણે ૧૯ ટકાનો ઘટાડો દર્શાવી રૂા.૧૯૮૪ કરોડ હાંસલ કરી છે. સરેરાશપણે ઝીંકના સરેરાશે નીચા ભાવને પરિણામે (વાયઓવાય ધોરણે ૪ ટકા અને ક્યુએક્યુ ધોરણે ૧૨ ટકા ઘટાડાને પગલે ટન દિઠ ૩૨૩૮ ડોલર થઈ છે) તેમજ ક્વાર્ટર દરમ્યાન રૂપિયામાં મજબુતાઈને પગલે આવકમાં ઘટાડો જોવાયો છે. ક્વાર્ટર દરમ્યાન ઝીંક અને લેડનાં વેચાણ કામકાજમાં ૨૦ ટકા ઘટાડાને પગલે ૯૫,૦૦૦ ટન થયા છે. ઝીંક રીફાઈન્ડ મેટલ ઉત્પાદનમાં વાયઓવાય ધોરણે ૨૦ ટકા અને લેડ રીફાઈન્ડ મેટલ ઉત્પાદનમાં વાયઓવાય ધોરણે ૩૮ ટકા અને વૃધ્ધિ જોવા મળી છે. આજ ગાળા દરમ્યાન લેડનાં સરેરાશ ભાવોમાં વાયઓવાય ધોરણે ૧૫૯ ટકા અને ક્યુઓક્યુ ધોરણે ૪૨ ટકા વૃધ્ધિ સાથે ટનદિઠ ૩૦૯૪ ડોલર રહ્યા છે.
- ઝીંકના ભાવોમાં ઘટાડાને પગલે ઈબીઆઈટીડીએમાં વાયઓવાય ધોરણે ૨૪ ટકા અને ક્યુઓક્યુ ધોરણે એક ટકાના ઘટાડા સાથે રૂા.૧૪૧૯ કરોડ થયો છે. ઉચ્ચ ગુણવત્તા યુક્ત ઝીંક માઈનીંગ ક્ષેત્રે વિશ્વમાં કંપની સૌથી નીચી પડતર ધરાવે છે. કંપનીનું ઓપરેટિંગ નફા માર્જીન વાયઓવાય ધોરણે ૪૫૦ બેસીસ પોઈન્ટ અને ક્યુઓક્યુ ધોરણે ૧૪૦ બેસીસ પોઈન્ટના સુધારા સાથે ક્યુટુ એફવાય ૨૦૦૮ના અંતે ૭૧.૫ ટકા રહ્યું છે.
- છેલ્લા ક્વાર્ટર દરમ્યાન કંપનીએ ૩૮.૪ મેગાવોટ ક્ષમતા ધરાવતો વિન્ડ એનર્જી પ્લાન્ટ ચાલુ કરતાં ઘસારા પડતરમાં વાયઓવાય ધોરણે ૩૦ ટકાનો વધારો થયો છે જ્યારે વ્યાજ ખર્ચમાં વાયઓવાય ધોરણે ૪૦ ટકાનો ઘટાડો જોવાયો છે.
- નફો વાયઓવાય ધોરણે ૧૨ ટકા અને ક્યુઓક્યુ ધોરણે ૩ ટકા ઘટીને રૂા.૧૧૪૮ કરોડ થયો છે. છેલ્લા ક્વાર્ટરમાં કંપની હસ્તક અસામાન્ય એવી રૂા.૧૩૦.૪૮ કરોડની આવક થઈ છે જે એડજેસ્ટ કરતાં ક્યુઓક્યુ ધોરણે કંપનીએ ૯ ટકાની વૃધ્ધિ નોંધાવી છે.

ભાવિ

સપ્ટેમ્બર ૨૦૦૭નાં ૧૨ મહીના પાછળની કમાણીનાં આધારે હિન્દુસ્તાન ઝીંકનો ઈવી/ઈબીઆઈટીડીએ ૫.૬ અને પી/ઈ ૮ ધરાવે છે. કંપનીની ક્ષમતા વિસ્તરણ યોજના આગળ ઉપર વૃધ્ધિ આણશે. ચીન ખાતેથી વધુ પડતી આયાતને પગલે ઝીંકના ભાવો વર્ષ દરમ્યાન નીચા રહેવા પામ્યા હતા. આમ છતાં કામકાજમાં સંગીન વૃધ્ધિ તેમજ ઉત્પાદનની નીચી પડતર ભવિષ્યમાં કંપનીની કમાણીનો મુખ્ય ચાલક બળ સતતપણે પૂરવાર થતો રહેશે. અમારું માનવું છે કે મૂડી ખર્ચ યોજના અને એકત્રિત ખાણકામ કામગીરી અને કેપ્ટીવ પાવર પ્લાન્ટની સ્થાપનાને પગલે કંપની સતતપણે વિકાસ કરતી રહેશે. સર્વસંમત કમાણીનાં અંદાજોને આધારે કંપની હાલમાં એફવાય ૨૦૦૯ઈની કમાણી સામે ૭.૮નાં પી/ઈથી ટ્રેડ થાય છે તેમજ કંપની શેરદીઠ રૂા.૨૦૦ની રોકડ અને પ્રવાહી રોકાણનું ઉર્વાજન કરે એવો અંદાજ છે. ■

વધુ વિગત માટે અમારી વેબ સાઈટ *sharekhan.com*ની રીસર્ચ સેકસનની વિઝીટ કરો

આ લેખમાંની કોઈપણ કંપનીમાં લેખક રોકાણ ધરાવતા નથી.

કંપની	ભાવ (રૂ.)	વેચાણ			ચોખ્ખો નફો			ઈપીએસ			(%) ઈપીએસ વૃધ્ધિ	પીઈ (x)			આરઓસીઈ (%)		આરઓએનડબ્લ્યુ (%)		ડીપીએસ	ડીવી ઉપજ
		FY07	FY08E	FY09E	FY07	FY08E	FY09E	FY07	FY08E	FY09E	FY09/FY07	FY07	FY08E	FY09E	FY07	FY08E	FY07	FY08E	(Rs)	(%)
એવરગ્રીન																				
એચડીએફસી બેંક	1,758.8	5,225.8	7,183.9	9,544.1	1,141.9	1,502.9	1,964.2	35.8	42.2	55.2	24%	49.1	41.7	31.9	-	-	19.3	15.9	7.0	0.4
ઈન્ફો ટેકનોલોજી	1,908.4	13,893.0	16,990.0	21,136.0	3,726.0	4,660.0	5,611.0	66.9	81.0	97.3	21%	28.5	23.6	19.6	37.5	37.7	34.3	32.9	21.0	1.1
રીલાયન્સ ઈન્ડ	2,712.7	105,701.0	91,354.0	142,079.0	10,386.0	10,499.9	19,417.0	74.4	75.2	128.3	31%	36.5	36.1	21.1	25.1	23.0	19.4	16.7	10.0	0.4
ટીસીએસ	1,020.7	18,633.0	23,509.0	29,092.0	4,132.0	5,035.0	6,052.0	42.2	51.4	61.8	21%	24.2	19.9	16.5	39.5	35.4	45.2	38.3	7.5	0.7
એપલ ગ્રીન																				
એસીસી	1,032.6	5,803.5	7,263.7	7,808.3	1,062.2	1,556.6	1,493.1	56.5	82.8	79.5	19%	18.3	12.5	13.0	34.1	39.9	33.8	34.3	15.0	1.5
આદિત્ય બિરલા ન્યુવો^	1,548.6	8,258.0	10,782.4	-	281.2	501.0	-	32.0	53.7	-	68%	48.4	28.8	-	7.5	7.5	15.5	15.5	5.0	0.3
એપોલો ટાયરીઝ	37.9	3,284.3	3,620.1	4,117.8	113.4	189.4	223.2	2.2	3.8	4.4	40%	17.0	10.1	8.6	17.6	21.1	11.9	15.1	4.5	11.9
બજાજ ઓટો	2,423.4	9,317.5	9,045.6	10,565.9	997.9	1,282.7	1,423.5	98.6	126.7	140.7	19%	24.6	19.1	17.2	22.3	23.5	18.0	20.2	40.0	1.7
બેન્ક ઓફ બરોડા	372.9	4,750.8	5,903.4	6,709.2	1,026.5	1,372.7	1,640.9	28.1	37.6	44.9	26%	13.3	9.9	8.3	-	-	12.4	15.0	6.0	1.6
બેન્ક ઓફ ઈન્ડિયા	378.0	5,003.0	6,106.4	7,175.5	1,123.2	1,550.8	1,874.6	23.0	29.5	35.6	24%	16.4	12.8	10.6	-	-	21.2	21.8	3.5	0.9
ભારત બીજલી	3,518.1	469.9	636.9	830.5	55.1	81.0	109.8	97.6	143.4	194.3	41%	36.0	24.5	18.1	63.4	60.5	48.8	44.3	25.0	0.7
બેલ	1,855.2	3,892.5	4,413.1	4,972.6	718.2	821.2	953.4	89.8	102.7	119.2	15%	20.7	18.1	15.6	45.3	40.8	25.9	23.7	12.0	0.6
ભેલ	2,715.3	17,237.5	22,018.8	28,714.4	2,414.7	3,158.6	4,207.6	49.3	65.6	86.0	32%	55.1	41.4	31.6	45.2	48.7	27.5	28.1	14.5	0.5
ભારતી એરટેલ	894.9	18,519.7	26,711.6	33,974.3	4,257.0	6,433.1	8,090.4	22.5	33.9	42.6	38%	39.8	26.4	21.0	31.7	32.4	29.1	33.0		0.0
કેનેરા બેન્ક	299.0	5,477.8	6,001.4	6,896.4	1,420.8	1,552.0	1,785.4	34.7	37.9	43.5	12%	8.6	7.9	6.9	-	-	16.3	14.2	7.0	2.3
કોર્પો. બેન્ક	453.2	1,943.6	2,181.6	2,453.7	536.1	635.7	746.2	37.4	44.3	52.0	18%	12.1	10.2	8.7	-	-	15.0	16.0	9.0	2.0
કોમ્પટ ગ્રીવ્સ	410.0	5,639.0	7,003.0	8,486.5	281.8	420.2	548.8	7.7	11.5	15.0	40%	53.2	35.7	27.3	31.6	33.1	29.6	30.7	1.0	0.2
એલ્ડર ફાર્મા	383.0	447.3	562.1	648.4	56.8	74.8	84.6	30.6	40.3	45.6	22%	12.5	9.5	8.4	15.9	15.4	17.3	18.8	2.5	0.7
ગ્રાસીમ	3,746.0	14,412.0	12,726.4	13,659.6	1,967.5	2,430.0	2,115.0	214.6	265.0	230.7	4%	17.5	14.1	16.2	33.3	35.7	27.5	27.2	16.0	0.4
એચસીએલ**	300.9	6,033.7	2,527.6	9,671.3	1,258.1	1,271.0	1,642.1	18.4	18.5	23.8	14%	16.4	16.3	12.6	25.5	28.3	21.7	23.1	8.0	2.7
એચયુએલ*	195.8	12,103.4	13,800.0	15,395.0	1,539.7	1,883.9	2,111.8	7.0	8.5	9.6	17%	28.0	23.0	20.4	67.0	68.4	56.5	57.4	6.0	3.1
આઈસીઆઈસીઆઈબેન્ક	1,330.6	12,565.0	16,796.7	21,641.1	3,110.4	4,015.7	5,120.8	34.6	36.3	46.3	16%	38.5	36.7	28.7	-	-	13.3	10.5	10.0	0.8
